# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી મોદી આજે સાંજે ચાર વાગે અમદાવાદ હવાઈ મથક પરથી ગાંધીનગર સ્થિત રાજભવન જશે. તેઓ આવતીકાલે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત બીજલી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો રિ-ઇન્વેસ્ટનું ઉદ્ઘાટન કરશે અને બપોરે પોણા બે વાગે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજા તબક્કાનો આરંભ કરાવશે અને સેક્ટર એક મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીની સવારી કરશે.

બપોરે સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8 હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરીને 17મીએ સવારે ઓડિશા જવા રવાના થશે.

પ્રધાનમંત્રી આવતીકાલે ભુજથી અમદાવાદ સુધીની દેશની પહેલી વંદે ભારત મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે. પ્રધાનમંત્રીનાં રોકાણ દરમિયાન ગાંધીનગરમાં ટ્રાફિક વ્યવસ્થા અંગે ગાંધીનગરના એસપી રવી તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે કેટલાંક રાજ્યોનાં મુખ્યમંત્રીઓ પણ આવવાના છે. શ્રી મોદીનાં ત્રણ દિવસનાં પ્રવાસ દરમિયાન સાડા ત્રણ હજાર જવાનો ફરજ બજાવશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી તેમના ત્રીજા કાર્યકાળમાં પ્રથમ વાર ગૃહરાજ્યની મુલાકાતે આવી રહ્યા છે.

બંદોબસ્તમાં વિવિધ રેંકના પોલીસ અધિકારી અને કર્મચારીઓ જોડાયા છે. આ અંગે તેમણે વધુમાં આ મુજબ જણવાયું...

(Byte... રવી તેજા વાસમ શેટ્ટી, એસ પી ગાંધીનગર)

-----------------------------------

# LOK ADALAT - DISTRICT

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશાનુસાર ગુજરાત રાજ્યની તમામ અદાલતોમાંમાં રાષ્ટ્રીય લોક અદાલતનું ગાઈકાલે આયોજન કરાયું હતું.

અરવલ્લી જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી. અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે પ્રી-લિટીગેશન સહિતના અન્ય કેસો સાથે લોક અદાલતમાં કુલ ૩ હજાર ૩૮૬ કેસોનો સુખદ નિકાલ થયો હતો.

તો અમારા ગોધરા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે ગોધરા જિલ્લામાં યોજાયેલ લોક અદાલતમાં મોટર અકસ્માત વળતરના કેસોનો નિકાલ કરી અંદાજીત સવા ત્રણ કરોડ રૂપિયાની કિંમતના વળતરનો હુકમ કરાયો હતો.

. . . . . . . . . . . . . .

# POSHAN MAH-DAMAN

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં પોષણ માહ અંતર્ગત આજે કડેયા ગ્રામ પંચાયત ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સુપોષણ દિવસની ઉજવણી કરવામાં આવી.

અમારા દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે કાર્યક્રમમાં બાળકોના પિતાને બોલાવવામાં આવ્યા હતા. મહિલા અને બાળ વિકાસ અધિકારી દ્વારા બાળકો માટે પિતાના મહત્વ અને કુપોષણ મુક્તિમાં માતા-પિતાના યોગદાન અને પૌષ્ટિક આહાર તથા પ્રોટીન વિશેની માહિતી અપાઈ હતી. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરો સહિત અનેક લોકો હાજર હતા.

--------------------------

## AMBAJI- S.T. BUS

પવિત્ર યાત્રા ધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો ચાલી રહ્યો છે, જે અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ મહેસાણા એસ.ટી ડીવીઝન દ્વારા નિયમિત બસ ઉપરાંત વધારાની 225 બસો બસો અંબાજી મુસાફરી માટે મૂકવામાં આવી છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે આ બસોમાં 12 હજારથી વધુ મુસાફરોને મુસાફરી કરાવાઈ હતી જેમાં અંદાજીત 10 લાખ રૂપિયાથી વધુની આવક નોંધાઈ છે.

.................